# બહુપરિમાણીય ગરીબી, આદિવાસી વંચિતતા અને ‘વિકસિત ભારત 2047’: તાપી જિલ્લાનો વિશ્લેષણાત્મક અભ્યાસ

પ્રા.પ્રદીપભાઇ એમ વસાવા
(મદદનીશ પ્રધ્યાપક-અર્થશાસ્ત્ર)
મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલ,
જિલ્લો-તાપી
**ORC ID - 0009-0002-4303-6874**

## 1. સારાંશ (Abstract)

ભારતમાં ગરીબી માત્ર આવકના અભાવ સુધી મર્યાદિત નથી, પરંતુ આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણ જેવા અનેક પરિબળોને સ્પર્શે છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં બહુપરિમાણીય ગરીબીનું સ્વરૂપ વધુ ગંભીર હોઈ વિકાસ પ્રક્રિયામાં પડકાર ઉભો કરે છે. આ અભ્યાસ તાપી જિલ્લાના આદિવાસી સંદર્ભમાં બહુપરિમાણીય ગરીબીનું તટસ્થ મૂલ્યાંકન કરીને "વિકસિત ભારત 2047"ના લક્ષ્યો સાથે તેની પ્રાસંગિકતા અને અનુસંગિતતા સમજવાનો પ્રયાસ કરે છે. અભ્યાસ સંપૂર્ણપણે દ્વિતીયક આંકડાઓ પર આધારિત છે, આ અભ્યાસમાં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત 'રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક રિપોર્ટ', રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વે–5, તાપી જિલ્લાની ફેક્ટ શીટ, ભારતની વસ્તીગણતરીના આંકડા અને ગુજરાત રાજ્યના આર્થિક તથા આંકડાશાસ્ત્ર નિયામકાલય દ્વારા પ્રકાશિત સંબંધિત અહેવાલોને માહિતી સ્ત્રોત તરીકે સમાવેશ કરવામાં આવ્યા છે. વિશ્લેષણના તારણો સુચવે છે કે તાપી જિલ્લામાં આરોગ્ય અને પોષણ ક્ષેત્રે વંચિતતા, શિક્ષણમાં શૈક્ષણિક વર્ષોની અછત અને જીવનધોરણના સૂચકો જેમ કે વીજળી, સ્વચ્છતા, રહેઠાણ અને મુળભૂત સુવિધાઓમાં અસમાનતા નોંધપાત્ર છે. જિલ્લાની સ્થિતિ રાજ્ય અને રાષ્ટ્રીય સરેરાશની તુલનામાં પાછળ જોવા મળે છે. અભ્યાસ સૂચવે છે કે "વિકસિત ભારત 2047" લક્ષ્યોને સિધ્ધ કરવા આદિવાસી વિસ્તારો માટે લક્ષિત અને સમાવેશક નીતિગત હસ્તક્ષેપ જરૂરી છે. આ અભ્યાસમાંથી પ્રાપ્ત તારણો નીતિનિર્માણ અને વિકાસયોજનાઓ માટે ઉપયોગી પુરાવારૂપે કાર્ય કરી શકે છે.

## 2. ચાવીરૂપ શબ્દો

બહુપરિમાણીય ગરીબી, આદિવાસી વિકાસ, તાપી જિલ્લો, માનવીય વિકાસ, જીવનધોરણ, વિકસિત ભારત 2047

## 3. JEL ક્લાસિફિકેશન કોડ્સ

**3.1. I32 – ગરીબીનું માપન અને વિશ્લેષણ:** બહુપરિમાણીય ગરીબી , ગરીબી માપવાની પદ્ધતિઓ, વંચિતતાના પરિમાણો.

**3.2. O15 – માનવ મૂડી, માનવ વિકાસ અને આવક વિતરણ:** શિક્ષણ, આરોગ્ય, પોષણ તથા આદિવાસી સમુદાયની ક્ષમતાઓ.

**3.3. R58 – પ્રાદેશિક વિકાસ નીતિ:** જિલ્લાકક્ષાનો અભ્યાસ, પ્રાદેશિક અસમાનતા અને વિસ્તાર આધારિત વિકાસ (તાપી જિલ્લો).

## 4. પરિચય

ભારતમાં ગરીબીની પરંપરાગત વ્યાખ્યા મુખ્યત્વે આવક અને વપરાશના સ્તર પર આધારીત રહી છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ગરીબીને માત્ર આવકના અભાવ સુધી મર્યાદિત ન રાખતા, તેને આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણ સંબંધિત અનેક પરિમાણોને સ્પર્શતી બહુપરિમાણીય વાસ્તવિકતા તરીકે સમજવાનો દૃષ્ટિકોણ વિકસ્યો છે. આ પરિપ્રેક્ષ્યમાં બહુપરિમાણીય ગરીબી સુચકાંક ગરીબીનું વધુ વ્યાપક અને ગહન ચિત્ર રજૂ કરે છે, જે વ્યક્તિ કે પરિવારમાં રહેલી વંચિતતાની વિસ્તૃત સમજ પૂરી પાડે છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં બહુપરિમાણીય ગરીબીનું સ્વરૂપ વધુ તીવ્ર અને સંકુલ હોય છે. સામાજિક–આર્થિક તકોની મર્યાદા, આરોગ્ય અને પોષણ સેવાઓ સુધી અપર્યાપ્ત પહોંચ, શિક્ષણમાં નિયમિતતાનો અભાવ અને આધુનિક સુવિધાઓના અભાવે આદિવાસી સમાજ વિકાસપ્રક્રિયામાં પાછળ રહી જાય છે. પરિણામે આ વિસ્તારોમાં ગરીબી માત્ર આવકની મર્યાદા સુધી સિમિત ન રહેતા, સામાજિક વંચિતતા સાથે ગાઢ રીતે જોડાય જાય છે. તાપી જિલ્લો દક્ષિણ ગુજરાતનો આદિવાસી પ્રધાન અને મહત્વપૂર્ણ જિલ્લો છે, જ્યાં આદિવાસી વસ્તીનો હિસ્સો નોંધપાત્ર છે. જિલ્લાની ભૂગોળ, આર્થિક માળખું અને સામાજિક પરિસ્થિતિ સ્થાનિક વિકાસપ્રક્રિયાને સીધી રીતે અસર કરે છે. જેના પરિણામે બહુપરિમાણીય ગરીબીનું સ્વરૂપ અને તેની તીવ્રતા પણ પ્રભાવિત થાય છે. તેથી તાપી જિલ્લાના સંદર્ભમાં બહુપરિમાણીય ગરીબીનું મૂલ્યાંકન કરવાથી આદિવાસી વિસ્તારોની વાસ્તવિક સ્થિતિને સમજવા માટે મહત્વપૂર્ણ સંદર્ભ મળે છે. આદિવાસી વિસ્તારોમાં ગરીબીનું મૂલ્યાંકન માત્ર આવક આધારિત માપદંડોથી પૂર્ણ રીતે શક્ય નથી જેથી આ અભ્યાસ મહત્વપુર્ણ બની જાય છે. બહુપરિમાણીય ગરીબી સુચકાંક આધારિત વિશ્લેષણ દ્વારા આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણના ચોક્કસ પરિમાણોમાં કયા ક્ષેત્રો વધુ વંચિત છે, તે ઓળખી શકાય છે અને નીતિગત હસ્તક્ષેપ ક્યાં સૌથી વધુ જરૂરી છે તે સ્પષ્ટ થાય છે. "વિકસિત ભારત 2047" ના રાષ્ટ્રીય વિઝનના પરિપ્રેક્ષ્યમાં આ અભ્યાસ વિશેષ મહત્વ ધરાવે છે. ભારતને વિકસિત રાષ્ટ્ર તરીકે ઊભું કરવા માટે સમાનતા, સમવેશક વિકાસ અને આદિવાસી વિસ્તારોના સશક્તિકરણને અનિવાર્ય માનવામાં આવે છે. તેથી આ અભ્યાસ માત્ર શૈક્ષણિક રીતે મહત્વનો નથી, પરંતુ વિકાસ, નીતિ-નિર્માણ અને સામાજિક ન્યાયની દિશામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

## 5. સંકલ્પનાત્મક માળખું

### 5.1. બહુપરિમાણીય ગરીબી શું છે?

ગરીબીનો પરંપરાગત દૃષ્ટિકોણ મુખ્યત્વે આવક અથવા ઉપભોગ સ્તર પર આધારિત રહ્યો છે; તેમ છતાં માનવ વિકાસના વિસ્તૃત પરિપ્રેક્ષ્યમાં ગરીબી માત્ર આવકની અછત નથી, પરંતુ આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણ સંબંધિત અનેક પરિમાણોમાં જોવા મળતી વંચિતતાઓનું સંયુક્ત સ્વરૂપ છે. આવી પરિસ્થિતિને બહુપરિમાણીય ગરીબી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આમાં વ્યક્તિ અથવા પરિવારને ઉપલબ્ધ તકો, સેવાઓ અને જીવનની ગુણવત્તાના સ્તરની વાસ્તવિક સ્થિતિનો વ્યાપક અંદાજ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### 5.2. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું બહુપરિમાણીય ગરીબી સુચકાંક માળખું.

યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા વિકસિત બહુપરિમાણીય ગરીબી સુચકાંક ગરીબી માપવાની એક આધુનિક અને વ્યાપક પદ્ધતિ છે. બહુપરિમાણીય ગરીબી સુચકાંક ગરીબીને માપવા માટે નીચેના ત્રણ મુખ્ય પરિમાણોને આધાર બનાવે છે:

- આરોગ્ય
- શિક્ષણ
- જીવનધોરણ

દરેક પરિમાણ હેઠળ ચોક્કસ સૂચકો દ્વારા વંચિતતાનું માપન કરવામાં આવે છે અને તેના આધારે ગરીબીની તીવ્રતા તથા વ્યાપનું મૂલ્યાંકન થાય છે. આ રીતે બહુપરિમાણીય ગરીબી સુચકાંક ગરીબીનું માત્ર આંકડાકીય નહિ, પરંતુ માનવ વિકાસ સાથે જોડાયેલ સર્વાંગી પ્રતિબિંબ રજૂ કરે છે.

**5.3. વંચિતતા સૂચકો.**બહુપરિમાણીય ગરીબી સુચકાંકમાં સમાવેશ થનારા મુખ્ય સૂચકો સામાન્ય રીતે નીચે મુજબ હોય છે:

5.3.1 આરોગ્ય: પોષણ, બાળ મૃત્યુદર અને માતૃત્વ આરોગ્ય.

5.3.2 શિક્ષણ: શાળાના વર્ષો, શાળામાં હાજરી.

5.3.3 જીવનધોરણ: રસોઇ માટેનું ઇંધણ, સેનીટેશન સુવિધા, પીવાનું સ્વચ્છ પાણી, વીજળી, રહેઠાણ, સંપતિ અને બેંકમાં ખાતું.

આ સૂચકો વ્યક્તિ કે પરિવારમાં રહેલી વંચિતતા કેટલા પ્રમાણમાં છે તે સમજવા માટે મહત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે.

### 5.4. સંક્ષિપ્ત સાહિત્ય સમીક્ષા.

આદિવાસી સમુદાયો માટે ગરીબી માત્ર આંકડાનો વિષય નથી. પરંતુ તેમની દૈનિક જીવનયાત્રા સાથે જોડાયેલ એક વાસ્તવિકતા છે. શિક્ષણની મર્યાદિત તકો, આરોગ્ય સેવાઓ સુધી સરળતાથી ન પહોંચી શકવું, પોષણ સંબંધિત સમસ્યાઓ તથા માળખાગત સુવિધાઓના અભાવે તેમનું જીવન અનેક સ્તરે અસરગ્રસ્ત રહે છે (UNDP & OPHI, 2023; World Bank, 2022). અહીં ગરીબી માત્ર આવકની અછત સુધી મર્યાદિત નથી, પરંતુ સાંસ્કૃતિક, સામાજિક અને માળખાકીય વંચિતતા સાથે ગાઢ રીતે જોડાયેલી છે (Dreze & Sen, 2013; NITI Aayog, 2023). તેથી આદિવાસી વિસ્તારોમાં બહુપરિમાણીય ગરીબીનું મૂલ્યાંકન નીતિગત દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.

## 6. અભ્યાસના હેતુઓ

6.1. તાપી જિલ્લામાં આદિવાસી સમુદાયોમાં બહુપરિમાણીય ગરીબીનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવું.

6.2. આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં જોવા મળતી પરિમાણોમાં વંચિતતા ઓળખવી.

6.3. આદીવાસી મહિલાઓ, બાળકો અને દૂરના ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નને ઉજાગર કરવા.

6.4. સત્તાવાર આંકડાઓના આધારે ગરીબીના સૂચકોનું તુલનાત્મક વિશ્લેષણ કરવું.

6.5."વિકસિત ભારત 2047" ના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને નીતિગત ભલામણો રજૂ કરવી.

## 7. સંશોધન પદ્ધતિ

આ અભ્યાસમાં તાપી જિલ્લાના આદિવાસી વસ્તીનાં સંદર્ભમાં બહુપરિમાણીય ગરીબીનું મૂલ્યાંકન કરવા માટે દ્વિતીયક માહિતી આધારિત વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક અભિગમ અપનાવામાં આવ્યો છે. અભ્યાસમાં ગરીબીને આવક આધારિત પરિમાણોથી આગળ લઈ જઈ આરોગ્ય, પોષણ, શિક્ષણ અને જીવનધોરણ જેવા બહુપરિમાણીય સૂચકો દ્વારા સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### 7.1. માહિતીના સ્ત્રોત

આ અભ્યાસ સંપૂર્ણપણે સત્તાવાર અને વિશ્વસનીય દ્વિતીયક આંકડાઓ પર આધારિત છે. મુખ્ય માહિતી સ્ત્રોત તરીકે રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5, તાપી જિલ્લાની ફેક્ટ શીટ, નીતિ આયોગ દ્વારા પ્રકાશિત બહુપરિમાણીય ગરીબી સુચકાંક રીપોર્ટ, ભારત સરકારની વસ્તીગણતરી અને ગુજરાત રાજ્યના આંકડાશાસ્ત્ર નિયામકાલય દ્વારા પ્રકાશિત "જિલ્લા સામાજિક-આર્થિક સમીક્ષા" જેવા સ્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે સાથે યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ

પ્રોગ્રામના માનવ વિકાસ અહેવાલો દ્વારા ગરીબીના વૈશ્વિક પરિમાણોને સમજવા માટે પૂરક માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. આ બધા સ્રોતો સંશોધનને વૈજ્ઞાનિક, વિશ્વસનીય અને નીતિગત રીતે પ્રાસંગિક બનાવે છે.

### 7.2. વિશ્લેષણ પદ્ધતિઓ

આંકડાઓનું વિશ્લેષણ વર્ણનાત્મક આંકડાશાસ્ત્ર, તુલનાત્મક રજૂઆત અને અર્થઘટન આધારે કરવામાં આવ્યો છે. જ્યાં જરૂરી હોય ત્યાં જિલ્લા–રાજ્ય અથવા જિલ્લા–રાષ્ટ્રીય સ્તરની સરખામણી દ્વારા પરિસ્થિતિને વધુ સ્પષ્ટ બનાવવામાં આવી છે.

### 7.3. અભ્યાસની વ્યાપકતા

અભ્યાસનો વ્યાપ તાપી જિલ્લાની આદિવાસી પ્રધાન વસાહતો અને ત્યાં જોવા મળતી બહુપરિમાણીય ગરીબીના મુખ્ય પરિમાણો સુધી મર્યાદિત છે. અભ્યાસનો કેન્દ્રબિંદુ જિલ્લા સ્તરની વાસ્તવિકતા દર્શાવવાનો છે, વ્યક્તિગત/ઘરગથ્થુ સર્વે કરવાનો નથી.

### 7.4. અભ્યાસની મર્યાદાઓ

અભ્યાસ સંપૂર્ણપણે દ્વિતીયક માહિતી પર આધારિત હોવાથી પ્રાથમિક માહિતી આધારિત સુક્ષ્મ કક્ષાનું વિશ્લેષણ શક્ય નથી. કેટલીક તાજેતરની જિલ્લા સ્તરની માહિતી મર્યાદિત હોવાથી ઉપલબ્ધ સત્તાવાર ડેટા પર આધારિત મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

## 8. માહિતી વિશ્લેષણ અને અર્થઘટન

### 8.1. આરોગ્ય પરિમાણ.

### 8.1.1. બાળ પોષણની સ્થિતિ.

રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ -5 આધારિત જિલ્લા પોષણ પ્રોફાઇલ – તાપી (IFPRI, 2022) મુજબ તાપી જિલ્લામાં બાળ પોષણ વંચિતતા ગંભીર રૂપે દર્શાય છે.

**કોષ્ટક:1 બાળ પોષણની સ્થિતિ.**

| બાળ પોષણ સૂચકાંક | તાપી જિલ્લો (%) | ગુજરાત (%) |
|---|---|---|
| સ્ટન્ટિંગ (ઉંમર પ્રમાણે ઓછી ઊંચાઈ) | 42% | 36% |
| વેસ્ટિંગ (ઊંચાઈ પ્રમાણે ઓછું વજન) | 37% | 36% |
| તીવ્ર કુપોષણ | 17% | 10% |

| | | |
|---|---|---|
| ઓછું વજન | 52% | 52% |
| બાળ એનિમિયા (<5 વર્ષ) | 81% | 49% |

Source :-District Nutrition Profile – Tapi (IFPRI, 2022)

કોષ્ટક:1 માં દર્શાવ્યા મુજબ તાપી જિલ્લાના પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે પોષણની સ્થિતિ ચિંતાજનક છે અને રાજ્યની તુલનામાં વધુ નબળી દેખાય છે. 42 ટકા બાળકો સ્ટન્ટિંગથી પીડિત હોવાથી તેમની ઉંચાઇનો વિકાસ પૂરતો નથી. જ્યારે 52 ટકા બાળકોનું વજન તેમની ઉંમર કરતાં ઓછું છે, જે લાંબા સમયથી ચાલતા પોષણ અભાવ અને પ્રતિકૂળ જીવનપરિસ્થિતિઓ તરફ સંકેત કરે છે. સાથે જ 37 ટકા બાળકો વેસ્ટિંગ અને 17 ટકા ગંભીર વેસ્ટિંગનો સામનો કરે છે, જે ટૂંકા ગાળાના કુપોષણ અને તાત્કાલિક આરોગ્ય જોખમનું દ્યોતક છે. સૌથી ગંભીર બાબત એ છે કે બાળ એનિમિયા 81 ટકા જેટલું ઊંચું છે, જે બાળકોના આરોગ્ય, બૌદ્ધિક વિકાસ અને ભવિષ્યના માનવીય વિકાસ પર ગંભીર અસર કરી શકે છે. આ આંકડાઓ સ્પષ્ટ બતાવે છે કે "વિકસિત ભારત 2047"ના લક્ષ્યોને સિદ્ધ કરવા તાપી જિલ્લાના બાળકોને વધુ મજબૂત પોષણ વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ અને પ્રદેશ–વિશેષ નીતિહસ્તક્ષેપોની ખૂબ જ જરૂર છે.

### 8.1.2. બાળ મૃત્યુદર

રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5 (2019–21) ગુજરાત તથ્યપત્રક દર્શાવે છે કે રાજ્યમાં શિશુ મૃત્યુદર (એક વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં મૃત્યુનો દર) આશરે 31 પ્રતિ 1,000 જીવંત જન્મ અને પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળ મૃત્યુદર 38 પ્રતિ 1,000 જીવંત જન્મ છે, જે અગાઉની NFHS–4 સરખામણીમાં ઘટાડો દર્શાવે છે જે આરોગ્ય સુવિધાઓમાં સુધારા તરફ સંકેત આપે છે. છતાં આદીવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં આ દર તુલનાત્મક રીતે વધુ જોવા મળે છે (IIPS & ICF,2021 p.13), જે આરોગ્ય સુવિધાઓ સુધી પહોંચ, માતૃ આરોગ્યની ગુણવત્તા, પોષણ, સમયસર સારવાર અને સ્વાસ્થ્ય અંગેની જગૃતિ જેવા પરિબળોથી પ્રભાવિત થાય છે. આ પરિસ્થિતિ સૂચવે છે કે "વિકસિત ભારત 2047"ના લક્ષ્યોને સિદ્ધ કરવા માટે આદીવાસી તથા ગ્રામ્ય વિસ્તારોમાં માતા–બાળ આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવી, સંસ્થાગત પ્રસૂતિઓને પ્રોત્સાહન, નવજાત શિશૂ સંભાળ સેવાઓને વધુ અસરકારક બનાવવી તથા પોષણ આધારિત યોજનાઓને વધુ  કાર્યક્ષમ રીતે અમલમાં મુકવવાની તાત્કાલિક જરૂરીયાત સ્પષ્ટ થાય છે.

## 8.2. શિક્ષણ પરિમાણ.

. તાપી જિલ્લાની શૈક્ષણિક સ્થિતિને સમજવા માટે સાક્ષરતા, શાળામાં હાજરી અને ઔપચારિક શિક્ષણના વર્ષો સંદર્ભમાં રાજ્ય અને રાષ્ટ્રીય સરખામણી મહત્વપૂર્ણ બને છે. નીચેના કોષ્ટકો આ પરિસ્થિતિનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે

**કોષ્ટક – 2: સાક્ષરતા દર**

| સૂચક | તાપી જિલ્લો (%) | ગુજરાત રાજ્ય (%) | ભારત (%) |
|---|---|---|---|
| કુલ સાક્ષરતા દર | 69.23 | 78.03 | 74.04 |
| પુરુષ સાક્ષરતા દર | 75.44 | 85.75 | 82.14 |
| સ્ત્રી સાક્ષરતા દર | 61.16 | 69.68 | 65.46 |

Source :-Office of the Registrar General & Census Commissioner, India. Census of India 2011 — Tapi District, Gujarat State & India Literacy Data.

કોષ્ટક:2માં દર્શાવ્યા મુજબ તાપી જિલ્લાની કુલ સાક્ષરતા દર તેમજ સ્ત્રી–પુરુષ સાક્ષરતા દર ગુજરાત રાજ્ય અને ભારતની સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે, ખાસ કરીને સ્ત્રી સાક્ષરતા સૌથી નબળી સ્થિતિ દર્શાવે છે. "વિકસિત ભારત 2047"ના પરિપ્રેક્ષ્યમાં આ તારણ અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે સમાવેશક અને સમાન વિકાસ માટે આદીવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમા પણ ખાસ કરીને સ્ત્રીઓ અને વંચિત સમુદાય માટે ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ સરળતાથી અને સતત ઉપલબ્ધ કરાવવું જરૂરી છે; ત્યારે જ માનવીય મૂડી મજબૂત બનશે અને વિકસિત ભારત 2047નું વિઝન વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ શકે છે.

### 8.2.1. શાળામાં હાજરી.

રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5 (2019–21)ગુજરાત તથ્યપત્રક મુજબ 6 થી 17 વર્ષની વયના બાળકોમાં શાળામાં હાજરીનો દર શહેરોમાં વધુ અને ગ્રામ્ય વિસ્તારોમાં તુલનાત્મ રીતે ઓછો છે, જ્યારે આદિવાસી બાળકોમાં હાજરીનું પ્રમાણ અન્ય સામાજિક વર્ગોની તુલાનામાં ઓછું જોવા મળે છે; ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી છોકરીઓમાં આ ઘટાડો વધુ નોંધપાત્ર છે (IIPS & ICF, 2021, p. 47). આ સંદર્ભમાં "વિકસિત ભારત 2047" હાંસલ કરવા માટે તાપી જિલ્લા સહિત આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ સુધીની પહોંચ સર્વસમાવેશક બનાવવી, શાળા છોડવાના દરને ઘટાડવો, આદિવાસી છોકરીઓની શૈક્ષણિક ભાગીદારી વધારવી અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવાવું જરૂરી છે.

રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5 (2019–21)ગુજરાત તથ્યપત્રક મુજબ 6 થી 17 વર્ષની વયના બાળકોમાં શાળામાં હાજરીનો દર શહેરોમાં વધુ અને ગ્રામ્ય વિસ્તારોમાં તુલનાત્મ રીતે ઓછો છે, જ્યારે આદિવાસી બાળકોમાં હાજરીનું પ્રમાણ અન્ય સામાજિક વર્ગોની તુલનામાં ઓછું જોવા મળે છે; ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી છોકરીઓમાં આ ઘટાડો વધુ નોંધપાત્ર છે (IIPS & ICF, 2021, p. 47). આ સંદર્ભમાં "વિકસિત ભારત 2047" હાંસલ કરવા માટે તાપી જિલ્લા સહિત આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ સુધીની પહોંચ સર્વસમાવેશક બનાવવી, શાળા છોડવાના દરને ઘટાડવો, આદિવાસી છોકરીઓની શૈક્ષણિક ભાગીદારી વધારવી અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ કરાવાવું જરૂરી છે.

જિલ્લા સ્તરના બહુપરિમાણીય ગરીબી સુચકાંકના પુરાવાઓ દર્શાવે છે કે રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5 (2019–21) આધારિત અંદાજ મુજબ તાપી જિલ્લામાં બહુપરિમાણીય ગરીબી હેઠળ આવતી વસ્તીનો ટકાવારી હિસ્સો 16.03 ટકા અને બહુપરિમાણીય ગરીબી સુચકાંક સ્કોર 0.070 છે, જે દર્શાવે છે કે જિલ્લામાં રહેનારી વસ્તીના અમૂક ભાગમાં શિક્ષણ સંબંધિત વંચિતતા યથાવત્ છે (NITI Aayog, 2023). જિલ્લાવાર બહુપરિમાણીય ગરીબી સુચકાંક નકશા અને સૂચક વિશ્લેષણ દર્શાવે છે કે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓની તુલનામાં તાપી જિલ્લામાં શિક્ષણ પરિમાણનું યોગદાન તુલનાત્મક રીતે ઊંચું રહે છે. જિલ્લા સ્તરે ઔપચારિક શિક્ષણના વર્ષો માટે તાજેતરના સીધા આંકડા ઉપલબ્ધ ન હોવાથી, શિક્ષણ વંચિતતાનું મૂલ્યાંકન કરવા માટે રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5 આધારિત રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સુચકાંક (2023)ના જિલ્લા સ્તરના સ્કોર અને તેના શિક્ષણ ઉપ-પરિમાણને "પરોક્ષ પુરાવા" તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો છે. બહુપરિમાણીય ગરીબી સુચકાંક શિક્ષણ વંચિતતાનું માપન સીધું ઔપચારિક શિક્ષણના વર્ષો અને શાળામાં હાજરી પરથી કરે છે, તેથી આ અભિગમ વૈજ્ઞાનિક રીતે યોગ્ય, નીતિગત રીતે પ્રાસંગિક અને સ્વીકાર્ય છે. ભવિષ્યમાં UDISE+, વસ્તીગણતરી અને રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણના સૂક્ષ્મ આંકડાઓનો ત્રિકોણીયકરણ આ તારણોને વધુ મજબૂત બનાવી શકે છે.

**8.3. જીવનધોરણ પરિમાણ.**

બહુપરિમાણીય ગરીબીના મૂલ્યાંકનમાં જીવનધોરણ એક મહત્વપૂર્ણ પરિમાણ છે, કારણ કે તે પરિવારોને મળતી મૂળભૂત સુવિધાઓ, જીવનની ગુણવત્તા અને માનવ વિકાસની વાસ્તવિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે.

**કોષ્ટક-3 મૂળભૂત સુવિધાઓ**

| સૂચક | રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ 5 | રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ 4 |
|---|---|---|
| ઘરેલુ વીજળી સુવિધા ધરાવતા પરિવારો | 97.6% | 93.6% |
| સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા | 99.0% | 93.7% |
| સુધારેલ સેનીટેશન સુવિધા | 70.2% | 40.4% |
| સ્વચ્છ ઈંધણ | 45.5% | 22.7% |

Source:- NFHS-5, District Fact Sheet: Tapi, Gujarat (2019-21)

કોષ્ટક:3માં દર્શાવ્યા મુજબ રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5ના આંકડા તાપી જિલ્લામાં જીવનધોરણ સંબંધિત સુવિધાઓમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. વીજળી (97.6%) અને સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા (99%) લગભગ સર્વવ્યાપક છે, જ્યારે સુધારેલ સેનીટેશન સુવિધા (70.2%)માં પણ રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-4 કરતાં સારા પરિણામ જોવા મળે છે. તેમ છતાં, સ્વચ્છ રસોઈ ઈંધણનો ઉપયોગ ફક્ત 45.5 ટકા પરિવારોમાં મર્યાદિત છે.

**કોષ્ટક-4 મૂળભૂત સુવિધાઓ (રહેઠાણની ગુણવત્તા મુજબ ઘરો)**

| રહેઠાણનો પ્રકાર | પાક્કા | અર્ધપાક્કા | કાચા / જર્જરિત | કુલ |
|---|---|---|---|---|
| ઘર સંખ્યા | 1,48,000 | 70,000 | 6,200 | 2,24,214 |
| ટકાવારી (%) | 66.0% | 31.3% | 2.7% | 100% |

Source:- Census of India 2011; Socio- Review, Gujarat 2023–24, p–110.

કોષ્ટક:4 માં દર્શાવ્યા મુજબ તાપી જિલ્લામાં આશરે બે-તૃતીયાંશ ભાગ પાક્કા મકાનમાં રહે છે, તેમ છતાં લગભગ એક-તૃતીયાંશ ભાગ (અર્ધપક્કા + કાચા) હજુ પણ રહેઠાણ સુરક્ષાની દૃષ્ટિએ સંવેદનશીલ સ્થિતિમાં છે. આ પરિસ્થિતિ બહુપરિમાણીય ગરીબી સુચકાંકના “જીવનધોરણ” પરિમાણ હેઠળ રહેઠાણની વંચિતતા ને સ્પષ્ટ કરે છે.

કોષ્ટક-5 મૂળભૂત સુવિધાઓ (તાપી જિલ્લામાં ઘરેલુ સંપતિ)

| સૂચક | કુટુંબોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| કુલ કુટુંબો | 2,24,214 | 100.0 |
| રેડિયો / ટ્રાન્ઝિસ્ટર | 18,995 | 8.47% |
| ટેલિવિઝન | 87,578 | 39.06% |
| કમ્પ્યુટર/ લેપટોપ | 1,624 | 0.72% |
| ઇન્ટરનેટ | 6,021 | 2.69% |
| ટેલિફોન/ મોબાઇલ | 1,84,823 | 82.42% |
| સ્કૂટર / મોટરસાઇકલ / મોપેડ | 74,149 | 33.06% |
| કાર / જીપ / વેન | 8,790 | 3.92% |
| ટીવી / કમ્પ્યુટર / વાહન / મોબાઇલ વગરનાં કુટુંબો | 22,254 | 9.93% |

Source:- Census of India 2011; Socio- Review, Gujarat 2023–24, p–110.

કોષ્ટક 5 દર્શાવે છે કે તાપી જિલ્લામાં મોબાઇલ/ટેલિફોન જેવી સંચાર માટે સુવિધાઓનો વ્યાપ નોંધપત્ર રીતે ઊંચો (82.42%) છે, જે માહિતી અને જોડાણ માટે સકારાત્મક છે. પરંતુ ડિજિટલ સાધનો (કમ્પ્યુટર 0.72%, ઇન્ટરનેટ 2.69%) અને ચારપૈયાં વાહનો (3.92%) જેવી ઉન્નત સુવિધાઓનો વ્યાપ અત્યંત મર્યાદિત છે. જે ડિજિટલ અને ભૌતિક સંસાધનોની અસમાન ઉપલબ્ધતાને દર્શાવે છે.

**8.3.1 બેંકમાં ખાતા ધારકો**

ગુજરાત રાજ્યના સામાજિક-આર્થિક સમીક્ષા અહેવાલ (2023-24) મુજબ તાપી જિલ્લામાં કુલ 2,24,214 પરિવારોમાંથી માત્ર 1,25,008 પરિવારો બેંક ખાતું ધરાવે છે, એટલે કે આશરે 55-56 ટકા પરિવારો જ ઔપચારિક નાણાકીય પ્રણાલીમાં સમાવિષ્ટ છે. (Socio- Review, Gujarat 2023–24, p–110) આથી સ્પષ્ટ થાય છે કે જિલ્લામાં નોંધપાત્ર હિસ્સો હજુ નાણાકીય સેવાઓથી વંચિત છે, જે દર્શાવે છે કે અનેક પરિવારો માટે બચત કરવી, સરકારી યોજનાઓનો લાભ મેળવવો અને આર્થિક સુરક્ષા જાળવવી હજુ પણ પડકારરૂપ છે.

## 9. મુખ્ય તારણો

આ અભ્યાસના આધારરૂપ દ્વિતીયક આંકડાઓના વિશ્લેષણથી તાપી જિલ્લામાં બહુપરિમાણીય ગરીબીના સ્વરૂપ અંગે કેટલાક મહત્વપૂર્ણ અને નીતિપ્રાસંગિક તારણો સામે આવે

છે. સૌપ્રથમ, આરોગ્ય અને પોષણ પરિમાણ હેઠળ તાપી જિલ્લામાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં સ્ટન્ટિંગ, ઓછું વજન તેમજ વેસ્ટિંગનું પ્રમાણ રાજ્યની સરખામણીએ વધુ જોવા મળે છે. ખાસ કરીને બાળ એનિમિયાનો ઊંચો દર રાજ્યની તુલનામાં નોંધપાત્ર રીતે વધારે છે, જે લાંબા ગાળાના માનવીય વિકાસ, શૈક્ષણિક ક્ષમતા અને આરોગ્ય પર ગંભીર અસર પેદા કરી શકે છે. બાળ મૃત્યુદર સંદર્ભે રાજ્ય સ્તરના રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-5ના પુરાવા દર્શાવે છે કે ગ્રામ્ય તથા આદિવાસી વસ્તીમાં આરોગ્ય જોખમો વધુ સ્પષ્ટ છે, જે તાપી જેવા આદિવાસી પ્રધાન જિલ્લામાં માતા-બાળ આરોગ્ય સેવાઓને મજબૂત કરવાની આવશ્યકતાને સૂચવે છે.

બીજું, શિક્ષણ પરિમાણ બહુપરિમાણીય ગરીબીનો મહત્વપૂર્ણ ઘટક તરીકે સામે આવે છે. જિલ્લા સ્તરે “ઔપચારિક શિક્ષણના વર્ષો”ના તાજા અને ચોક્કસ આંકડા મર્યાદિત હોવા છતાં, રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સુચકાંકના જિલ્લા આધારીત પુરાવાઓ સૂચવે છે કે તાપી જિલ્લામાં શિક્ષણ સંબંધિત વંચિતતા ગુજરાતના ઘણા જિલ્લાઓ કરતાં વધુ પ્રભાવશાળી છે. ખાસ કરીને આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં લાંબાગાળા સુધી શિક્ષણ ચાલુ રાખવામાં મુશ્કેલી, મધ્યમિક તથા ઉચ્ચશિક્ષણ સ્તરે ડ્રોપઆઉટ અને શિક્ષણની અનવરતતા જાળવવામાં પડકારો સ્પષ્ટ દેખાય છે.

ત્રીજું, જીવનધોરણ પરિમાણના કેટલાક સૂચકો સકારાત્મક દિશા દર્શાવે છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5 મુજબ તાપી જિલ્લામાં વીજળી અને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓનો વ્યાપક વિસ્તાર થયો છે અને આ બાબતે જિલ્લો રાજ્યની સરખામણીએ મજબૂત સ્થિતિ ધરાવે છે. તેમ છતાં સ્વચ્છ રસોઈ ઈંધણ તથા ઉત્તમ રહેઠાણ જેવી સુવિધાઓમાં આદીવાસી અને દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં વંચિતતા રહેલી હોવાની સંભાવના બહુપરિમાણીય ગરીબી સુચકાંકના આંકડાઓ વધુ મજબૂત બનાવે છે.

આ તારણો સ્પષ્ટ કરે છે કે “વિકસિત ભારત 2047”ના વિઝનને સિદ્ધ કરવા માટે તાપી જિલ્લામાં આરોગ્ય અને પોષણ મજબૂતીકરણ, શિક્ષણમાં નિરંતરતા, આદીવાસી કેન્દ્રિત નીતિ હસ્તક્ષેપો  તેમજ જીવનધોરણમાં સુધારા લાવવાની દિશામાં લક્ષિત અને પુરાવા આધારિત કાર્યવાહી અત્યંત જરૂરી છે.

## 10. ચર્ચા

તાપી જિલ્લાના બહુપરિમાણીય ગરીબીના પરિમાણોના વિશ્લેષણથી પ્રાપ્ત થયેલા તારણો ભારત અને ગુજરાત રાજ્ય સ્તરે કરવામાં આવેલા અગાઉના સંશોધનો સાથે સુસંગત જણાય છે.

નીતિ આયોગ (2023) દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક, UNDP & OPHI, 2023; દ્વારા કરવામાં આવેલા ગરીબી અંગેના અભ્યાસો તેમજ Dreze & Sen, (2013)જેવા સંશોધનો સતત દર્શાવે છે કે આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારો બહુપરિમાણીય ગરીબીથી તુલનાત્મક રીતે વધુ પ્રભાવિત રહે છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5ના ગુજરાત તેમજ આદિવાસી વર્ગ સંબંધિત આંકડાઓ પણ આરોગ્ય, પોષણ, શિક્ષણ અને જીવનધોરણ જેવા ક્ષેત્રોમાં વંચિતતા વધુ તીવ્ર હોવાનું સૂચવે છે, જે તાપી જિલ્લાના સંદર્ભમાં પ્રાપ્ત પરિણામોને પ્રામાણિક આધાર પ્રદાન કરે છે.

નીતિગત દૃષ્ટિએ આ તારણો અત્યંત મહત્વપૂર્ણ સંકેતો આપે છે. ખાસ કરીને બાળ પોષણ, એનિમિયા, આરોગ્ય સેવાઓ સુધી પહોંચ, લાંબા ગાળા સુધી શિક્ષણની ઉપલબ્ધતા અને જીવનની સુવિધાઓમાં રહેલી અછતોને નીતિનિર્માણના કેન્દ્રસ્થાને લાવવી જરૂરી છે. આદિવાસી–કેન્દ્રિત વિકાસ માટે માત્ર આર્થિક સહાય પૂરતી નથી, પરંતુ આરોગ્ય, શિક્ષણ, ભૌતિક સુવિધાઓ અને સામાજિક સુરક્ષા સાથે સંકલિત અભિગમ અપનાવવો અનિવાર્ય બને છે. "વિકસિત ભારત 2047"ના માળખામાં માનવ મૂડી વિકાસ, પોષણ સુરક્ષા, સર્વ માટે આરોગ્ય સેવાઓ, ગુણવત્તાસભર શિક્ષણ, સ્વચ્છ રસોઈ ઈંધણ અને રહેઠાણ સુધારણા જેવી પહેલોને તાપી જિલ્લામાં પ્રાથમિકતા સાથે મજબૂત બનાવવી નીતિગત રીતે અત્યંત આવશ્યક છે.

વાસ્તવિક પરિસ્થિતિના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો તાપી જિલ્લામાં આદિવાસી વસ્તીની ભૌગોલિક રીતે વિખરાયેલી વસવાટ વ્યવસ્થા, કુદરતી પરિસ્થિતિ, પરિવહન અને આવશ્યક સેવાઓની મર્યાદિત ઉપલબ્ધતા તથા આર્થિક સંવેદનશીલતા બહુપરિમાણીય ગરીબીના સ્વરૂપને વધુ જટિલ બનાવે છે. તેથી માત્ર સર્વજન નીતિઓ પૂરતી નથી, પરંતુ સ્થાનિક આવશ્યકતાઓને અનુરૂપ જિલ્લા આધારિત તથા આદિવાસી સંદર્ભ કેન્દ્રિત નીતિ હસ્તક્ષેપો વધુ અસરકારક બની શકે છે. આથી સ્પષ્ટ થાય છે કે તાપી જિલ્લાના સંદર્ભમાં આ અભ્યાસ માત્ર આંકડાકીય હકીકતો રજૂ કરતો નથી, પરંતુ વિકાસના માનવીય પરિપ્રેક્ષ્યને પણ ઉજાગર કરી ભવિષ્ય માટે સંવેદનશીલ અને વાસ્તવવાદી નીતિ દિશા સૂચવે છે.

## 11. નીતિ સૂચનો

અભ્યાસના તારણો દર્શાવે છે કે તાપી જિલ્લામાં બહુપરિમાણીય ગરીબીનું સ્વરૂપ આરોગ્ય, પોષણ, શિક્ષણ અને જીવનધોરણ સાથે ગાઢ રીતે જોડાયેલ છે. તેથી નીચે મુજબ લક્ષિત અને પુરાવા આધારિત નીતિ હસ્તક્ષેપો આવશ્યક બને છે:

**11.1. આરોગ્ય અને પોષણ મજબૂતીકરણ.**

માતા–બાળ આરોગ્ય સેવાઓ, પોષણ સુરક્ષા અને એનિમિયા નિયંત્રણ કાર્યક્રમોને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. જે વિકસિત ભારત 2047ના આરોગ્યસંપન્ન અને પોષિત ભારત વિઝન સાથે સુસંગત છે.

**11.2. શિક્ષણ પ્રાપ્યતા અને સ્થિરતા.**

આદિવાસી અને ગ્રામ્ય બાળકોમાં શૈક્ષણિક ઉપલબ્ધતા, અભ્યાસની અનવરતતા અને ડ્રોપઆઉટ ઘટાડવા માટે વિશેષ પગલાં જરૂરી છે. આવી પહેલો દ્વારા માનવ મૂડીનો વિકાસ શક્ય બને છે. જે વિકસિત ભારત 2047ના સર્વસમાવેશક અને દિર્ઘકાલીન વિકાસના વિઝન સાથે સુસંગત છે.

**11.3 . જીવનધોરણમાં સુધારો.**

સ્વચ્છ ઈંધણ, સેનિટેશન, સ્વચ્છ પાણી અને ગુણવત્તાસભર રહેઠાણ સુનિશ્ચિત કરવું જરૂરી છે. જે વિકસિત ભારત 2047ના સ્વમાનભેર જીવનના વિઝન સાથે સુસંગત છે.

**11.4. આદિવાસી કેન્દ્રિત વિકાસ.**

સ્થાનિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને જિલ્લા વિશિષ્ટ અને આદિવાસી સંદર્ભ આધારિત નીતિઓ જરૂરી છે. જે વિકસિત ભારત 2047ના સર્વસમાવેશક વિકાસ વિઝન સાથે સુસંગત છે.

**11.5. વિત્તીય અને આર્થિક સશક્તિકરણ.**

બેંકિંગ સેવાઓનો વિસ્તાર, સામાજિક સુરક્ષા અને રોજગાર માટે કૌશલ્ય વિકાસ પર વિશેષ ભાર જરૂરી છે. જે વિકસિત ભારત 2047ના આત્મનિર્ભર અને મજબૂત અર્થતંત્ર વિઝન સાથે સુસંગત છે.

**11.6. જિલ્લા સ્તરે સંકલિત અને પુરાવા આધારિત આયોજન.**

તાપી જિલ્લાના સંદર્ભને અનુરૂપ જિલ્લા-વિશિષ્ટ કાર્યયોજનાનું નિર્માણ કરી રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ, બહુપરિમાણીય ગરીબી સૂચકાંક અને રાજ્યસ્તરીય આંકડાઓના આધારે સશક્ત મૂલ્યાંકન વ્યવસ્થા વિકસાવવી જરૂરી છે, જેથી આંકડા આધારિત, જવાબદારીપૂર્ણ અને કાર્યક્ષમ શાસન દ્વારા "વિકસિત ભારત 2047"ના લક્ષ્યો હાંસલ કરી શકાય.

## 12. ઉપસંહાર

તાપી જિલ્લામાં બહુપરિમાણીય ગરીબીના વિવિધ પરિમાણોના વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે ગરીબીનું સ્વરૂપ માત્ર આવક સુધી સીમિત નથી, પરંતુ આરોગ્ય, પોષણ, શિક્ષણ તથા જીવનધોરણની મૂળભૂત સુવિધાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં સ્ટન્ટિંગ, ઓછું વજન અને એનેમિયાનું ઉચ્ચ પ્રમાણ, સાથે સાથે શિક્ષણ સુધી સતત પહોંચ જાળવી રખવામાં અને લાંબા સમય સુધી અભ્યાસ ચાલુ રાખવામાં પણ મુશ્કેલીઓ જોવા મળે છે. તેમજ જીવનધોરણ પરિમાણોમાં રહેલી ખામીઓ તાપી જિલ્લામાં બહુપરિમાણીય ગરીબીનું ગંભીર અને વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ રીતે દર્શાવે છે. આ અભ્યાસ તાપી જિલ્લાના આદિવાસી સંદર્ભમાં બહુપરિમાણીય ગરીબીનું વિશ્લેષણ કરીને પ્રદેશ–વિશિષ્ટ ગરીબી સમજણને મજબૂત બનાવે છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ–5, રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક અને રાજ્ય સ્તરના આંકડા સાથે તુલનાત્મક વિશ્લેષણ દ્વારા આ અભ્યાસ શૈક્ષણિક દૃષ્ટિએ માનવીય વિકાસ, ગરીબી માપન અને આદિવાસી અભ્યાસ ક્ષેત્રમાં મહત્વપુર્ણ યોગદાન આપે છે.

અભ્યાસના તારણો સ્પષ્ટ દર્શાવે છે કે “વિકસિત ભારત 2047”ના લક્ષ્યોને સિદ્ધ કરવા માટે તાપી જિલ્લામાં આરોગ્ય અને પોષણ મજબૂતીકરણ, શિક્ષણની અનવરતતા, આદિવાસી કેન્દ્રિત નીતિ હસ્તક્ષેપો, જીવનધોરણ સુધારો અને જિલ્લા વિશિષ્ટ આયોજન અત્યંત જરૂરી છે. આ અભ્યાસ નીતિનિર્માતાઓને પુરાવા આધારિત દિશા દર્શાવે છે અને વ્યવહારુ નીતિ નિર્ણય માટે આધારરૂપ બને છે. ભવિષ્યમાં તાપી જિલ્લાનું તાલુકા સ્તરે વિશ્લેષણ કરવું, આદિવાસી અને બિન-આદિવાસી વસ્તી વચ્ચે તુલનાત્મક અભ્યાસ હાથ ધરવો, ગરીબીના સમયગત પરિવર્તનનું પ્રવાહ આધારિત વિશ્લેષણ કરવું, તેમજ ઘરેલુ સ્તરના સૂક્ષ્મ આંકડાઓ પર આધારિત અભ્યાસો અને ક્ષેત્રિય સર્વે તથા અભિપ્રાય આધારિત ગુણાત્મક અભ્યાસો દ્વારા માનવીય અનુભવ આધારિત સમજણ વિકસાવવાની વિશાળ શક્યતાઓ રહેલી છે. સમગ્ર રીતે  આ અભ્યાસ તાપી જિલ્લાના વિકાસ માટે પુરાવા આધારિત સમજણ પ્રદાન કરે છે અને બહુપરિમાણીય ગરીબીને ઘટાડવા માટે સંવેદનશીલ, લક્ષિત તથા દીર્ઘકાલીન હસ્તક્ષેપોની આવશ્યકતા સ્પષ્ટ રીતે રજૂ કરે છે.

## 13. સંદર્ભ સૂચિ:-

(i) International Institute for Population Sciences (IIPS) & ICF. (2021). National Family Health Survey (NFHS-5), 2019–21: Gujarat Fact Sheet. Mumbai: IIPS.

(ii) International Institute for Population Sciences (IIPS) & ICF. (2021). National Family Health Survey (NFHS-5), 2019–21: District Fact Sheet – Tapi, Gujarat. Mumbai: IIPS.

(iii) NITI Aayog. (2023). National Multidimensional Poverty Index: A Progress Review 2023. Government of India.
(iv) UNDP & OPHI. (2023). Global Multidimensional Poverty Index 2023. United Nations Development Programme & Oxford Poverty and Human Development Initiative.
(v) Government of Gujarat. (2022). District Socio-Economic Review: Tapi District. Directorate of Economics and Statistics, Government of Gujarat.
(vi) Dreze, J., & Sen, A. (2013). An uncertain glory: India and its contradictions. Princeton University Press.
(vii) World Bank. (2022). Poverty and Equity Brief: India. Washington, D.C.: World Bank